વડોદરામાંથી ૮ લાખના એમડી ડ્રગ્સ સાથે ૪ લોકો ઝડપાયા

વડોદરા

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં રહેતો બિચ્છુ ગેંગનો સાગરીત તનવીર ઉર્ફે તન્નુ મલેક તથા તેની સાથે એક મયુમિતા ઉર્ફે અનામિકા નામની મહિલા, પાર્થ ઉર્ફે સરદાર મધ્ય પ્રદેશ પાસિંગની કારમાં મધ્ય પ્રદેશ તરફથી એમ.ડી.ડ્રગ્સનો જથ્થો લઈને હાલોલ રોડ થઈ વડોદરા આવી રહ્યા છે. જેથી પોલીસે ગોલ્ડન ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. આ શંકાસ્પદ કાર ત્યાંથી પસાર થતાં પોલીસે તેનો પીછો કરી દરજીપુરા આરટીઓ રોડ પર અટકાવી હતી અને કારમાં બેઠેલા વ્યક્તિઓની તપાસ કરતા તેમની પાસેથી મેફેડ્રોન મળી આવ્યું હતું. તેમની પાસેથી ૮ લાખ ૧૦ હજાર ૪૦૦ની કિંમતનું ૮૧ ગ્રામ ૪૦ મિલિગ્રામ ડ્રગ્સ મળ્યું છે. આમ તેમની પાસેથી કાર અને ડ્રગ્સ મળી કુલ ૧૨ લાખ ૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક પૂછપરછમાં આ શખ્સો મધ્યપ્રદેશના ઉજ્જૈન-ઇન્દોર હાઈવે પર આવેલ શીતલ હોટલ પાસે રતલામના ડ્રગ્સ સપ્લાયર લાલુ નામના વ્યક્તિ પાસેથી આ જથ્થો ખરીદ્યો હતો. રસ્તામાં પોલીસને તેમના પર શંકા ન જાય અને ચેકિંગ ન થાય તે માટે તેમણે મુંબઈના થાણેમાં રહેતી મયુમિતા ઉર્ફે અનામિકાને સાથે રાખી હતી. જો કે પોલીસે આ તમામને ઝડપી લઈ મેફેડ્રોન ડ્રગ્સના આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ મામલે મહિલા સહિત ચાર સામે વડોદરાના હરણી પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથધરવામાં આવી છે. જ્યારે રતલામના લાલુ નામના ડ્રગ્સ સપ્લાયરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આરોપીઓ છેલ્લા ૬ મહિનાથી રતલામના ડ્રગ્સ સપ્લાયર લાલુ પાસેથી માદક પદાર્થ મેફેડ્રોનનો જથ્થો ખરીદતા હતા અને નાની-નાની પડીકીઓ બનાવી નશો કરતા બંધાણીઓને વેચતા હતા. આ મામલે ઝડપાયેલો વડોદરાનો તન્નુ ઉર્ફે તનવીર વડોદરા શહેરમાં ખંડણી તેમજ જમીન પચાવી પાડવાના ગુનાઓમાં તેમજ રાયોટિંગ, મારામારી અને હત્યાના પ્રયાસના ગુનાઓમાં સંડોવાયેલો છે તેમજ બિચ્છુ ગેંગનો સાગરીત છે.વડોદરા એસઓજી દ્વારા બિચ્છુ ગેંગના સાગરીત સહિત મુંબઈની એક મહિલા મળી કુલ ચાર લોકોને મધ્યપ્રદેશથી લવાયેલ ૮ લાખની કિંમતના ૮૧ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ સાથે ઝડપી લેવામાં આવ્યા છે.

ખાનપરના વોકળામાંથી ૧૪.૬૪ લાખનો દારૂ-બિયર ઝડપાયો



ગાંધીધામ, ખાનપર ગામની સીમમાં આવેલા વોકળામાં સર્ચ કરાયું હતું જેમાં વોકળામાં રાખવામાં આવેલા રૂ.૧૪,૬૪,૦૦૦ ની કિંમતના અલગ અલગ બ્રાન્ડના વિદેશી શરાબના ૧૪,૧૬૦ ક્વાર્ટરિયા તથા રૂ.૪૮,૦૦૦ ની કિંમતના બિયરના ૪૮૦ ટીન મળી કુલ રૂ.૧૪,૬૪,૦૦૦ નો દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો હતો પરંતુ આરોપીઓ હાજર મળ્યા ન હતા. પોલીસે હાજર ન મળેલા મેદા જીવણ કોલી, ગોવિંદ કરશન કોલી, સુરેશ પ્રેમજી કોલી અને ભરત પ્રેમજી કોલી વિરૂધ્ધ ગુનો નોંધી તેમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આજે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે પલાંસવા ગામના દાસાજીવાસમાં વોચ ગોઠવી સ્કોર્પિયોમાંથી મળી આવેલા રૂ.૧૧,૨૦૦ ની કિંમતના દારૂની ૩૨ બોટલ અને રૂ.૧૮,૮૦૦ ની કિંમતના બીયરના ૧૮૮ ટીન મળી કુલ રૂ.૩૦ હજારના શરાબ અને બિયર સાથે દેવરાજ બબાભાઈ દાસાણીને પકડી વાહન અને મોબાઈલ સહિત કુલ રૂ.૫,૩૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દરોડા દરમિયાન હાજર ન મળેલા પ્રાગપરના યોગેશ કોલી અને શૈલેશ રાધુભાઈ કોલી વિરૂધ્ધ પણ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરાઇ હતી.૨૫૨ તાલુકાના ખાનપર ગામની સીમમાં આવેલા વોકળામાંથી આડેસર પોલીસને રૂ.૧૪.૬૪ લાખની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. જો કે આ દરોડામાં હાજર ન મળેલા ૪ આરોપી વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો, તો પલાંસવામાં સ્કોર્પિયો ગાડીમાં રુ.૩૦ હજારની કિ મતના શરાબ અને બિયરની હેરાફેરી કરતો શખ્સ પકડાયો હતો.

સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓપ.બેંકમાં પિસ્તોલ બતાવી ૬.૮૩ લાખની લુંટ

સુરત, સુરતના કડોદરા ચાર રસ્તા નજીક વામદોત પેટ્રોલ પંપની બાજુમાં આવેલા એક કોમ્પલેક્સમાં પહેલા માળે સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ.બેંકની કડોદરા શાખા આવેલી છે. બેંકમાં ગ્રાહકના સ્વાંગમાં એક લૂંટારો યુવક માથા પર ટોપી અને મોઢા પર માસ્ક પહેરીને ઘૂસી ગયો હતો. પહેલા બેંકના એટીએમ મશીન તરફ જઈ બેંકની અંદરની પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ સીધો બેંકમાં ઘૂસી ગયો હતો. આ સમયે બેંકમાં મેનેજર પંચલ પટેલ અન્ય એક પુરુષ કર્મચારી અને ૨ મહિલા કર્મચારી મળી કુલ ૪ કર્મચારી હાજર હતાં. અચાનક લૂંટારાએ તેની પાસેની થેલીમાંથી પિસ્તોલ જેવું હથિયાર બતાવી ચલો પૈસા નિકાલો, પૈસા નિકાલો કહી તમામ કર્મચારીઓના ફોન ફેંકાવી, ધૂંટણિયે બેસાડયા હતા. તમામને બંધક બનાવી બાદમાં બેંકમાંથી કેશ બારી પાસે જઈ એક બેગમાં ૬,૮૩,૯૬૩ લાખ રૂપિયા ભરીને લૂંટ ચલાવી, બેંકના મુખ્ય દરવાજાને તાળું મારી ભાગી છૂટ્યો હતો. ઘોળા દિવસે ભરચક વિસ્તાર અને મુખ્યમાર્ગ પર લૂંટ થવાની ઘટનાને લઈ એલ.સી.બી., એસ.ઓ.જી. તેમજ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઘટના અંગે કડોદરા બ્રાન્ચ મેનેજર પંચલ પટેલે કડોદરા જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ અંગે કડોદરા પોલીસ સ્ટેશનના થાણે ઈન્ચાર્જ બીશાખા જૈને જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજના જિલ્લા તેમજ ગાંધીનગર કન્ટ્રોલ રૂમ સુધી સર્ફયુલેટ કર્યા છે તેમજ કડોદરા પોલીસની ટીમ સાથે એસઓજી અને એલસીબી પણ આ અંગે ઝીણવટપૂર્વકની તપાસ કરી રહી છે. સીસીટીવી જોતાં લૂંટારો મોફેશનલ નહીં હોવાનું લાગી રહ્યું છે કર્મચારીએ લૂંટારાના નીકળતાંની સાથે જ એલર્ટ સાયરનનું બટન દબાવ્યું હતું. આમ છતાં આજુબાજુથી કોઈ વ્યક્તિ મદદ માટે પહોંચી ન હતી.

નારી તું નારાયણી નું બિરૂદ સાર્થક

મહિલા બાળકલ્યાણના મંત્રી મનીષા વકીલ કહે છે સમાજ માટે કંઈક કરવું તે શ્રધ્ધા છે

રાજ્યના વિકાસમાં મહિલાઓનું યોગદાન છે

નવા સચિવાલય એટલે કે વિધાનસભા પાસે આવેલ સ્વર્ણિમ સંકુલ -૨ માં જેને ટૂંકમાં (એસએસટુ) તરીકે કર્મચારીઓની ભાષા માં બોલાય છે. પહેલા માળે તેમની કચેરીમાં સ્વતંત્ર મહિલા અને બાળકલ્યાણનો સ્વતંત્ર હવાલો સંભાળતા રાજ્યકક્ષાના પ્રધાન વકીલ શ્રીમતી મનીષાબેન સાથે જે વાતો થઈ તેના તારવેલા અંશ પ્રસ્તુત છે.

પ્રશ્ન : કાર્યકરો કેવા ગમે.

જવાબ: બધાજ સારા હોય છે હું નસીબદાર છું રાજકારણમાં મને ટિકિટ આપી અને પ્રધાનપદ મહિલા શિક્ષણ - બાળકલ્યાણ જેવા વિભાગ મળ્યો છે. સમાજના દરેક વર્ગના લોકો અને કાર્યકરો થી જ સચવાયેલી છું.

પ્રશ્ન : તમારો મૂળ વ્યવસાય.

જવાબ: શિક્ષણનો, ૧૩ વર્ષથી વડોદરાની બ્રાઇટ સ્કુલ સાથે જોડાયેલ છું. તેથી શાળાના વિશાળ શિક્ષક પરિવાર સાથે માનવિય માનસિકતા (હ્યુમન સાઇકોલોજી)જોડાયેલી છું . શિક્ષક માટે જાહેરજીવનમાં રહેવું સરળ હોય છે. અને લોકોને સમજીવિચારીને આગળ વધુ છું. તેથી સરળતા રહે છે. બાળકો તથા બાળક ખાતાને કેવી રીતે આગળ લઈ જવા છે . તેની પહેલેથીજ વિચાર કરી ડગ માંડું છું.

પ્રશ્ન : પરિવારની વાત કરશો.

જવાબ : પરિવાર રાજકારણ ક્ષેત્રે ટેવાઈ ગયેલો છે. મારે એક દિકરી છે, મહિલા મોર્ચાના કાર્યકર તરીકે કામગીરી કરતી જ હતી અને ઘરમાં રાજકીય વાતાવરણથી ટેવાયેલ છું. સસરા કરજણ ની બેઠક પરથી ચૂંટણીમાં પરાજય પ્રાપ્ત કરેલ.

પ્રશ્નઃ પરિવાર સાથે કેવી રીતે સમય કાઢો છો.

જવાબઃ ૩ દિવસ પરિવાર સાથે વિતાવી ૩ દિવસ ગાંધીનગર મને મળેલ વિભાગના કાર્ય કરું છું અને રાજકારણ સાથે પરિવારને પણ પુરેપુરો ન્યાય આપવાનો પ્રયત્ન કરૂ છું. ઘરે હોઉં ત્યારે લોંગ ડ્રાઈવમાં નિકળી જઈએ છીએ. ખાઈપીનેજ મસ્તી થી ગુહે પરત ફરીએ છીએ.

પ્રશ્ન : તમારી મહત્વાકાંક્ષા જણાવશો.

જવાબ : મારે શિક્ષણ માંજ આગળ વધવુ છે, એમ.એ., બી.એડ, કોમ્પ્યુટર કોર્સ કરી પી.એચ.ડી. કરી પ્રોફેસર બનવાની ઈચ્છા છે અને હજુ પણ મારી ઈચ્છાઆગળ અભ્યાસ કરતી રહું તેમાં પરિવારનો પણ તેટલોજ સહયોગ સમાયેલ છે.

પ્રશ્ન : ગુસ્સો આવે છે.

જવાબ : કેમ ન આવે....પણ સામાજિક જીવનમાં છું અને પરિવારમાં માતા પણ છું, તેથી સમાજના દરેક ક્ષેત્રનો ખરા ખોટા અનુભવ થયા કરે છે. પણ ગુસ્સાને કાબુમાં રાખી આગળ વધુ છું.

બહેનો સાથે વધુ કામ કરવાનો વિભાગ મળેલ છે. બહેનો ખોટા કામ લઈને આવતાજ નથી કાર્યકરો સાથે ટ્યુનીંગ છે.

પતિની સાથે ગાડીમાં ત્રણ જણા નીકળી જઈએ છીએ.મારી ઈચ્છા છે કે સમાજને કંઈક આપવું છે, તે મારી દ્રઢ શ્રધ્ધા છે.

પ્ર. શોખની વાત કરશો.

જ. વાંચન મારો પ્રિય શોખ છે. સિનેમા પણ ગમે છે અને સિને તારીકા દિપિકા પાદુકોણ ગમે છે. હિરો શ્રેણ તે ખબર નથી . મને બણવું ખૂબજ ગમે છે. જે મારૂં એચીવમેન્ટ છે. પાર્ટીએ મન જે તક આપી છે તે મૂલ્યવાન છે તેથી તેને પૂર્ણ કરવાની કોશિષ કરૂં છું.

પ્ર. અંધશ્રધ્ધા કે કુરીવાજોમાં માનો છો.

જ. શ્રધ્ધા ભગવાનમાં છે તક આપી છે તે ભગવાનનીજ કૃપા ગણું છું. બહેનો ને વારંવાર કહું છું કે સહનશીલતા કેળવો- ઘરમાં રહી છે આર્થીક કે સામાજિકમાં સમરસતા કેળવો - ઈગોસ્ટીક ના બનો. મારૂ કેમ ન માનો, તે બધુ ભૂલીને આગળ વધો. જવાબદારી એટલી વધી છે કે તેમાં ખુશી વ્યક્ત કરી કાર્ય કરતાં રહો આશા કે અપેક્ષા રાખવી નહીં. વાતાવરણને હસતું રાખો અને ધીરજ કેળવી સખત મહેનત કરો કર્મના ફળ મળવાનાજ છે. પણ અપેક્ષા ના રાખો.

પ્ર. ભોજન કેવું ભાવે.

જ. સાદુ પણ મને બંગાળી મીઠાઈ ભાવે છે. બધીજ ભાવતી ચીજ છે તેમાં કોઈ મગજમારી નથી.

પ્ર. તમારો રાજકીય ગુરૂ કોણ.

જ. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી જેમણે મને ૨૦૧૨ માં વિધાનસભા ટિકિટ આપી હતી.

પ્ર. વિભાગની વાત કરશો.

જ. મહિલાઓના વિકાસ અને સશક્તિકરણ માટે સામાજિક ઝુંબેશની મશાલ પેટાવી ગુજરાતની મહિલાઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે બદલાતા જતા વૈશ્વિક પ્રવાહો સાથે તાલમેલ સાધી આત્મ વિશ્વાસથી મને સન્માન અને આત્મગૌરવથી વિકાસયાત્રા માં સામેલ થાય મને મહિલા અને બાળ વિકાસ ની વિવિધ યોજનાનો ભરપૂર લાભ ઉઠાવે.

પ્રશ્ન : નારી તું નારાયણીની વાત કરશો.

જ. વેદકાલીન યુગમાં ગાર્ગી, અપાલા, લોપામુદ્રા, અરૂધંતી અનેક નામીઓ થઈ જેમણે પોતાનું જીવન સાર્થક કર્યુ પણ પરિસ્થિતિ બદલાતી આવી, દીકરીના જન્મને અભિશાપ માનવા લાગ્યા. ત્યારે સમાજ જીવનની વાસ્તવિકતા સ્વિકારી સ્ત્રી બિના સમાજ વ્યવસ્થા ચાલેજ નહી તે માટે સરકારે જે કાર્યક્રમો ઘડયા તે પ્રશંસનીય છે. ભારતની પ્રથમ મહિલા ઈક્ટર આનંદીબાઈ જોષી, ભીખાજી કામા,

એક પ્રધાનની બે વાત

–જિતેન્દ્ર ભટ્ટ

પ્રથમ એન્જિન ડ્રાઈવર સુરેખા છે.

સમાજ સામે બાથ ભીડનાર મધર ટેરેસા, વિજ્યાલક્ષ્મી પંડિત, સરોજિની નાયડુ, સુમિત્રા તથા સુષ્મા મહારાજ ભુલાય તેમ નથી.ભારતીય સંસ્કૃતિમાં નારીનું સ્થાન સન્માનીય રીતે અંકીત છે. શિક્ષિત નારી સમાજનું દર્પણ છે. પિતાને ત્યાં શિક્ષણ મેળવેલી કન્યા બે કુળનો દિપક બની ઘરને ઉજાળે છે.

મહિલાલક્ષી યોજના પરોક્ષ રીતે બાળકને પણ લાગુ પડે છે. સગર્ભા, ધાત્રીમાતા, આંગણવાડી વગેરેની જવાબદારી વિવિધ યોજના દ્વારા બનાવી ઉપાડી છે.સ્ત્રી એટલે સાક્ષાત દેવનું સ્વરૂપ, સ્ત્રી એટલે શક્તિ અને આરાધનાનું પર્વ એટલે નવરાત્રિ, નવરૂર્ગાં, બાલિકા પૂજન, મહિલા સુરક્ષા, બેટી બચાવો, મમતા દિવસ, સખી મંડળ જેવા પરિણામલક્ષી કાર્યો થઈ રહ્યાં છે.

નામ : વકીલ શ્રીમતી મનીષાબેન

મત વિસ્તાર : વડોદરા શહેર

કાયમી સરનામું : બી-૭૭. અર્થ સોમનાથ, ગોત્રી સેવાસી રોડ, ઝાયરોક્ષ બિલિંગની સામે, વડોદરા- ૩૯૦૦૨૧

ફોન નંબર : ઓફિસ-૦૭૯-૨૩૨-૫૦૧૯૫ મોબાઈલ - ૮૧૨૮૩૨૨૬૮૦

જન્મ તારીખ: ૨૫-૦૩- ૧૯૭૫ **અભ્યાસ :** એમ.એ.બી.એડ, (અંગ્રેજી સાહિત્ય)

કુટુંબ : પતિ શ્રી રાજીવભાઈ

અન્ય પ્રવૃતિ : પ્રમુખશ્રી સોલેસ ફાઉન્ડેશન

રાજકીય પ્રવૃતિ : સભ્ય, તેરમી ગુજરાત વિધાનસભા- ૨૦૧૨-૧૭

શોખ : વાંચન

હાલનું સરનામું : સ્વર્ણિમ સંકુલ - ૨, પહેલો માળ, ગાંધીનગર

તા. ૧૫-૯-૨૦૨૧ થી રાજ્યકક્ષાના મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજિક ન્યાય અને અધિકારીતા (અ.જા.ક.) તરીકે કાર્યભાર.

ઈસનપુરમાં વિદેશ જવાના બોગસ વિઝા પધરાવી ૧૪.૫૦ લાખની છેતરપિંડી આચરી

અમદાવાદ, અમદાવાદના નારોલના કર્ણાવતીનગરમાં રહેતાં જયાબેન રાઠોડ (ઉ.૪૦)એ ઇસનપુરમાં ઓફિસ ધરાવતા સુરમલસિંહ સોલંકી અને બ્રિજેશ પટેલને ૪ લોકોના રશિયાના વર્ક પરમિટ વિઝા કાઢી આપવાનું કહેતા સુરમલસિંહ અને બ્રિજેશે જયાબેન પાસેથી ૪ જણના રૂ.૧૪.૫૦ લાખ લઈ, મુકેશના અલ્બેનિયા દેશના અને શિવમના સાયપ્રસ દેશના ઈ-વર્ક પરમિટ વિઝા અપાવવાનું કહ્યું હતું. જયાબેને ચાર જણના મળી રૂ.૧૪.૫૦ લાખ આપી દીધા હોવા છતાં સુરમલ અને બ્રિજેશે તેમના વિઝા આપ્યા ન હોતા. ઊલટું જયાબેનને ૨ જણના બોગસ વર્ક વિઝા આપી રૂપિયા પાછા આપતા ન હતા. આથી તેમણે આ બંને જણ વિરુદ્ધ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.વિવિધ દેશના વર્કવિઝા પરમિટ આપવાના બહાને યુવાનો અને તેમના પરિવાર પાસેથી પૈસા પડાવવાના કિસ્સા અવારનવાર બનતા રહે છે. ઇસનપુરમાં વધુ ચાર લોકો પાસે પણ આ જ રીતે ઠગાઈ કરવામાં આવી છે. આ ચારને રશિયાના વર્કવિઝા પરમિટ નહીં આપી ૨ જણે બોગસ વર્કવિઝા આપી રૂ.૧૪.૫૦ લાખની ઠગાઈ કરનારા સુરમલસિંહ સોલંકી અને બ્રિજેશ પટેલ વિરુદ્ધ ઇસનપુર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

થલતેજ અંડરબ્રિજ પાસે ટ્રક પલ્ટી જતાં ટ્રાફિક જામ સર્જાયો

અમદાવાદ, અમદાવાદ શહેરના થલતેજ અંડરબ્રિજમાંથી સિમેન્ટની પાઈપો ભરીને જઈ રહેલી ટ્રકનું ટાયર ફાટતા ચાલકે બેલેન્સ ગુમાવ્યું હતું. જેથી ટ્રક લાઈટના થાંભલા સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રક થાંભલો તોડીને ડિવાઈડર ફૂદીની રોંગ સાઈડ તરફ જઈને પડી હતી. જ્યારે આખા રોડ પર સિમેન્ટની પાઈપ વિખેરાઈ ગઈ હતી. અકસ્માતમાં ટ્રકના ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલમાં આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. અકસ્માતને પગલે અંડરબ્રિજના બંને તરફ લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાને પગલે એસ.જી હાઈવે ૧ ટ્રાફિક પોલીસે હાલમાં તપાસ હાથ ધરી છે.અમદાવાદના એસ.જી હાઈવે પર છાસવારે અકસ્માતની ઘટનાઓ બની રહી છે. થોડા સમય પહેલા જ મેરેજ એનિવર્સરી ઉજવવા નીકળેલા દંપતીનું કારની ટક્કરે મોત થયું હતું. ત્યારે ફરી થલતેજ અંડરબ્રિજમાં અકસ્માત સર્જાયો છે. જેમાં સિમેન્ટની પાઈપો ભરીની જતી ટ્રક ડિવાઈડર પર ચઢીને પલટી મારી ગઈ હતી. જેને પગલે અંડરબ્રિજ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

૪ લોકોના વીજળી પડતા મોત તો ૩ લોકોના મકાન ધરાશાયી થતાં મોત નીપજ્યા

રાજકોટ, દક્ષિણપશ્ચિમ ચોમાસું અરબી સમુદ્રના કેટલાક વધુ ભાગો, ગુજરાતનાકેટલાક ભાગો, સમગ્ર કોંકણ, મહારાષ્ટ્રના મોટાભાગના ભાગો, મરાઠવાડા અને કચ્છકેરાના મોટાભાગના ભાગો, તેલંગાણા અને રાયલસીમાનાકેટલાક ભાગો, તમિલનાડુના કેટલાક વધુ ભાગો, મોટાભાગના ભાગોમાં આગળ વધ્યું છે. આજે ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને બિહારનાકેટલાક ભાગોમાં પ્રવેશ કરી રહ્યું છે. ભારતના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૪૮ કલાકમાં ઉત્તર અરબી સમુદ્રના કેટલાક વધુ ભાગો અનેગુજરાત રાજ્ય સહિત દેશના અન્ય ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે. ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ મંગળવારના બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, ડાંગ,તાપી, નવસારી, વલસાડ અને સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શકવતા દર્શાવી છે.હવામાન વિભાગે સત્તાવાર રીતે ગુજરાતમાં ચોમાસાના સમયપત્રકના બે દિવસ પહેલા આગમનની જાહેરાત કરી હતી. સોમવારના રોજ રાજ્યભરમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા હતા. ચાર લોકો વીજળી પડતાં મોતને ભેટ્યા હતા, જ્યારે મોરબી જિલ્લામાં મકાન ધરાશાયી થતાં એક પરિવારના ત્રણના મોત થયા હતા. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સોમવારના રોજ ગુજરાતમાં પ્રવેશ્યું હતું. સામાન્ય રીતે, રાજ્યમાં ચોમાસાના આગમનની અપેક્ષિત તારીખ ૧૫ જૂન છે. રાજ્યના ૯૧ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. ૧૫ જૂનની પરંપરાગત શરૂઆતની તારીખના બે દિવસ પહેલા દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સોમવારના રોજ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાંઆગળ વધ્યું હતું. રવિવારની રાત્રે અને સોમવારની વહેલી સવારે થયેલા વરસાદે રાજકોટ શહેરમાં દાયકાનો સૌથી વધુ ગરમ ઉનાળોઅનુભવ્યો હોય તેવા શહેરને ખૂબ જ જરૂરી રાહત આપી હતી. રાજકોટ શહેરના કેટલાક ભાગોમાં સોમવાર વહેલી સવારે ઝરમરથી હળવો વરસાદ નોંધાયો હતો. આંબેડકર બ્રિજ પર, ઘણા મુસારકો ઓઇલસ્લીક પર લપસી ગયા હતા, આવો જ એક વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયો હતો. રાજકોટ શહેરમાં સોમવારના રોજ લગભગ આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી સેલ્સિયસનોંધાયું હતું, જે છેલ્લા ત્રણ મહિનામાં સૌથી નીચું તાપમાન હતું. તે ૨૦ એપ્રીલ બાદ ૪૦ ડિગ્રી સેલ્સિયસથી નીચેના તાપમાનનો પ્રથમ દિવસપણ હતો. આ સાથે ૪૦ ડિગ્રી સેલ્સિયસ પર, કંડલા રાજ્યનું સૌથી ગરમ શહેર હતું.

મોંઘવારી અને વ્યાજદરમાં વધારાથી રિયલ એસ્ટેટ સેક્ટર ત્રસ્ત

અમદાવાદ, મોંઘવારી અને વ્યાજદરમાં વધારાથી રિયલ એસ્ટેટ સેક્ટર ત્રસ્ત છે. આરબીઆઈએ તાજેતરમાં રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કરી ૪.૯૦% કર્યો છે. ત્યા મહિને રેપો રેટમાં ૪૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો હતો. તેથી છેલ્લા બે મહિનામાં રેપો રેટમાં ૯૦ બેસિસ પોઈન્ટ્સનો વધારો થયો છે અને વિવિધ બેંકોએ તમામ પ્રકારની લોન માટે વિદાણ દરમાં વધારો કર્યો છે, જેથી એફોર્ડેબલ હાઉસિંગ કેટેગરીમાં નોંધપાત્ર અસર જોવા મળી છે. કોવિડ રોગચાળા બાદ ડેવલપર્સે તાજેતરમાં પ્રતિ ચોરસ ફૂટ રૂ. ૫૦૦ સુધીના ભાવવધારાની જાહેરાત કર્યા પછી બાંધકામના કાચા માલના ભાવમાં પણ તીવ્ર વધારો જોવા મળ્યો છે. CREDAI-GIHED અમદાવાદના પ્રમુખ તેજસ જોશીએ જણાવ્યું કે, સરકારે રૂ. ૨૫-૬૫ લાખની રેન્જમાં ઘર ખરીદનારા ગ્રાહકો માટે વિશેષ લાભોની જાહેરાત કરવી જોઈએ. આ ગ્રાહકો પાસે નિશ્ચિત બજેટ હોય છે અને વ્યાજ દરમાં વધારો તેમના નિર્ણયને અસર કરે છે. તેમણે એમ પણ કહ્યું કે, માંગ છે પણ સરકારે થોડી રાહત આપવી જોઈએ કારણ કે તેણે પોસાય તેવા ઘરો માટે 80-IBA આવકવેરામાં રાહત પણ બંધ કરી દીધી છે. શહેર સ્થિત ડેવલપર પારસ પંડિતે જણાવ્યું હતું કે, વ્યાજ દરો વધી રહ્યા છે, તેથી પોસાય તેવા હાઉસિંગ સેગમેન્ટને અસર થઈ છે. જે ગ્રાહકો ડીલને અંતિમ સ્વરૂપ આપવાના આરે હતા તેઓ નિર્ણય લેવામાં વધુ સમય લઈ રહ્યા છે.

હાલોલ- વડોદરા હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

હાલોલ, દેશ સહિત ગુજરાતમાં અકસ્માતની સંખ્યામાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે જ્યારે સરકાર તેમજ ટ્રાફિક પોલીસ ટ્રાફિક ડ્રાઈવ રાખી રહી છે લોકોને જાગૃત કરી રહી છે કે ઝડપની મજા મોતની સજા, વાહન ધીમે હાંકો, હેલમેટ પહેરો, સીટ બેલ્ટ બાંધો તેમ છતાં લોકો પૂર ઝડપે વાહનો હાંકી ને પોતાની તેમજ અન્યની જાન ગુમાવે છે. હાલોલ તાલુકાના બાસ્કા ગામે રહેતા મહેશભાઈ લીમજીભાઈ વસાવાનો ૨૨ વર્ષીય પુત્ર અમિતકુમાર મહેશભાઈ વસાવા હાલોલ-વડોદરા હાઈવે રોડ પર રહીને પોતાની મોટરસાયકલ લઈને પસાર થઈ રહ્યો હતો. ત્યારે હાલોલ-વડોદરા હાઈવે રોડ પર આવેલ નૂરપુરા ગામ પાસે આવેલી નિર્ભય કંપની પાસે મુખ્ય રોડ પર એક અજાણ્યા વાહન ચાલકે પોતાના વાહનને માતેલા સાંઢની જેમ બેફામ પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી લઈ આવી અમિતની મોટર સાયકલને પાછળથી જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં અજાણ્યા વાહનની ટક્કરથી મોટર સાયકલ સહિત અમિત રોડ પર પછડાતા માથાના ભાગે તેમજ કાનના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ અમિતનું કરુણ મોત નીપજ્યું હતું. જેમાં એમ્બ્યુલન્સ મારફતે અમિતના મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવાતા પરિવારજનો સહિત મોટી સંખ્યામાં અમિતના મિત્રો રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. જ્યારે બનાવ અંગે અમિતના પિતા મહેશભાઈ વસાવાએ હાલોલ રૂરલ પોલીસ મથકે અજાણ્યા વાહનના ચાલક સામે અકસ્માતની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં મોતને ભેટેલા અમિતના માતા-પિતાએ પોતાનો એકનો એક જુવાનજોધ દીકરો ગુમાવ્યો હતો. જ્યારે અમિતની બહેનએ પોતાના ભાઈ ગુમાવ્યો હતો. અમિતના મિત્રવર્તુળમાં પણ અમિતના અકસ્માતમાં અકાળે મોતથી ભારે આઘાત સાથે દુઃખની લાગણી ફેલાઈ હતી.

પત્નીએ જે પ્રેમી સાથે મળીને પતિની સોપારી આપી હત્યા કરાવી

દાહોદ, દાહોદ તાલુકાના કડલા ગામમાં રહેતી આરતીનો ગામના જ રૂ્રિજે સંચાલક રોહીત ભારત રાજપૂત સાથે પ્રેમ સબંધ હતો. જોકે, મેઘનગર પરણાવેલી આરતીનો પતિ લકી બંનેના મેળાપમાં આડખીલી રૂપ હોવાથી તેની હત્યા કરાવવાનો પ્લાન ઘડી કઢાયો હતો. રોહીત અને આરતીએ ભેગા મળીને કડલા ગામના બચુ ઉર્ફે બચુ કઠ્ઠુ ભુરિયા, ઇંટાવા ગામના પપ્પુ કાલુ સાંગાડિયા અને વડબારા ગામના રણજીત છીતુ નિનામાને લકીને મારી નાખવા માટે ૩૦ હજાર રૂપિયાની સોપારી આપી હતી. ૪ તારીખે તેડવા આવી રહેલા લકીનું લોકેશન મેળવીને આરતીએ આપી દેતાં તેની હત્યા કરી દેવામાં આવી હતી. મધ્ય પ્રદેશ પોલીસે આરતી અને રોહીતને તો ઝડપી પાડ્યા હતા, પરંતુ આ ત્રણે હત્યારા ફરાર હતાં. ત્યારે એસ.પી બલરામ મીણાના માર્ગદર્શનમાં એસસીબી પીআઈબી.ડી શાહે ટીમ એક્ટિવ કરી હતી. ત્યારે ત્રણ હત્યારા પૈકીના કડલાનો બચુ ઉર્ફે બચુ કઠ્ઠુ ભુરિયા અને વડબારા ગામનો રણજીત છીતુ નિનામાને ઝાલોદના બસ સ્ટેન્ડથી પકડવામાં એલસીબીને સફળતા મળી હતી. આ બંને હત્યા બાદ